# ઈસાયલનો પ્રથમ રાજા શાઉલ

## (ફાધર વર્ગીસ પોલ)

બાઈબલના જૂના કરારમાં સૌથી વધારે જાણીતાં પાત્રોમાં ઈસાયલીઓના પ્રથમ રાજા શાઉલનો સમાવેશ થાય છે. ઈસાયલીઓના બિન્યામીનના વંશના એક મોભાદાર માસણ કીશનો પુત્ર છે. શાઉલ, તેનું વર્ણન કરતાં બાઈબલ નોંધે છે. કે, “તે રૂપાળો હતો. ઈસાયલીઓં તેનાં કરતાં રૂપાળું કોઈ નહોતું. બીજા કરતાં તે એક વેત ઊંચો હતો.”

ઈસાયલીઓના રાજા તરીકે શાઉલના અભિષેક વિશે શમુએલના પ્રથમ ગ્રંથમાં આપણને બે વર્ણનો મળે છે. પ્રથમ વર્ણન મુજબ શાઉલના પિતા કીશની કેટલીક ગધેડીઓ ભૂલી પડી. શાઉલ એક નોકરને સાથે લઈને ગધેડીઓની શોધમાં નીકળી પડયો. રસ્તામાં ઈસાયલીઓના દષ્ટા અને આગેવાન શમુએલને મળ્યો. શમુએલે ઈશ્વર પ્રભુના પ્રેર્યા મુજબ શાઉલના નોકરનેજરા આગળ મોકલીને શાઉલના માથા ઉપર તેલની શીશી ઠાલવી અને તેને ચુંબન કરીને કહ્યું, “પ્રભુ પોતાની પ્રજા ઈસાયલીઓના રાજા તરીકે તારો અભિષેકર કરે છે. તારે પ્રભુની પ્રજા ઉપર રાજ્ય કરવાનું અને આસપાસના દુશ્મનોથી તેમનું રક્ષણ કરવાનું છે. પોતાના લોકો ઉપર રાજ્ય કરવાને પ્રભુએ તારો અભિષેક કર્યો છે.”

ઈસાયલીઓના પ્રથમ રાજાની પસંદગીના બીજા વર્ણન મુજબ પયગંબર શમુએલે ઈસાયલીઓને બોલાવીને પ્રભુની સમક્ષ મિસ્પામાં ભેગા કર્યા અને રાજા વિશે તેમને સમજાવ્યા. પછી ઈસાયલીઓના બારેય વંશમાંથી બિન્યામીનના વંશના કીશના દીકરા શાઉલને તારવી કાઢયો. શાઉલ બધા કરતાં એક વેંત ઊચો હતો. શમુએલે લોકોને કહું. “પ્રભુએ પસંદ કરેલા માણસને જોયો? આખી પ્રજામાં એનો જોટો જડે એમ નથી.”

બધા લોકોએ “રાજા ઘણું જીવો” ના પોકારથી તેને વધાવી લીધો. આ પ્રસંગના એકાદ મહિના પછી અમ્મોના રાજા નાહાશે યાબેશ-ગિલ્યાદમાં રહેતા ઈસાયલીઓ ઉપર ચડાઈ કરી તેને ઘેરે ઘાલ્યો. કાસદો દ્વારા ચડાનિ વાત સાંભળતાં શાઉલમાં ઈશ્વરની શકિતનો સંચાર થયો અને તેણે યુદ્ધ માટે આખા ઈસાલયમાંથી લોકોને ભેગા કર્યા.

બીજા દિવસે શાઉલે લશ્કરને ત્રણ ટુકડીમાં વહેંચી નાખ્યું. પરોઢ થતાં તેઓ દુશ્મનની છાવણીમાં ધસી ગયા અને બપોર સુધી અમ્મોનીઓની કતલ ચલાવી. જે લોકો બચી ગયા તેઓ એવા તો વેરવિખેર થઈ ગયા કે બે જણ પણ ભેગા ન રહ્યા. ઈસાયલીઓના

આ વિજય પછી ઈસાયલીઓ ગિલ્ગાદમાં ભેગા થયા અને ત્યાં પ્રભુ સમક્ષ શાઉલને રાજા જાહેર કર્યો અને સૌ ઈસાયલીઓએ મોટો ઉત્સવ મનાવ્યો.

રાજા બન્યાનાં બે વર્ષ બાદ શાઉલે પલિસ્તીઓ સામે યુદ્ધ કરવાનું નક્કી કર્યું. પલિસ્તીઓ પાસે એક સશક્ત સૈન્ય હતું. બાઈબલ કહે છે તેમ, "તેમની પાસે ત્રીસ હજાર રથ, છ હજાર ઘોડેસવાર અને દરિયાકાંઠાની રેતીની પેઠે અગણિત પાયાદળ હતું."

શાઉલે યુદ્ધ માટે ત્રણ હજાર માણસોને તાલીમ આપી તૈયાર કર્યા. એમાં હજાર માણસોને પોતાના દીકરા યોનાથાનના આગેવાની હેઠળ રહેવા દઈને શાઉલે પલિસ્તીઓના સૈન્યની પૂંઠેથી હુમલો કર્યો. યુદ્ધની ભારે અંધાધૂંધી વચ્ચે પલિસ્તીઓ એકબીજા ઉપર તલવાર ચલાવી રહ્યા. તે દિવસે ઈસાયલીઓએ પલિસ્તીઓને હરાવ્યા અને તેમને મિખમાશથી આયલોન સુધી મારી હઠાવ્યા.

ઈસાયલા રાજા થયા પછી શાઉલે ચારે બાજુના દુશ્મનો સામે યુદ્ધ ખેડયાં. તેણે મોઆબીઓ, અમેમ્મોનીઓ, અદોમીઓ, સોબાનારાજાઓ અને પલિસ્તીઓ સાથે યુદ્ધ કર્યાં. તે જે દિશામાં વળ્યો ત્યાં તેને વિજ્ય મળ્યો. તેણે ભારે પરાક્રમ કરીને અમાલેકીઓને પણ હરાવ્યા. તેણે ઈસાયલીઓને બધા દુશ્મનોના હુમલામાંથી બચાવ્યા. શાઉલ જીવ્યો ત્યાં સુધી તેને પલિસ્તીઓ સાથે ખૂનખાર યુદ્ધો લડવા પડયાં. કોઈ પણ બળવાન કે બહાદુર માણસ નજરે પડતાં જ શાઉલ તેને પોતાના લશ્કરમાં ભરતી કરી દેતો.

પણ છેલ્લે શમુએલે શાઉલને ઈસાયલીઓના રાજા તરીકે અપાત્ર ઠરાવ્યો. શાઉલને રાજા તરીકે તરછોડવા માટે બે કારણો મળે છે. પહેલા કારણાં શાઉલે ગેરવાજબી રીતે આહુતિ ધરાવી. આથી શમુએલે ઠપકો આપતાં કહ્યું, "તેં બેવકૂફી કરી છે. તને તારા ઈશ્વર પ્રભુએ જે આજ્ઞા આપી હતી તેનું તે પાલન નથી કર્યું."

શાઉલનો રાજા તરીકે અસ્વીકાર થવાનું બીજું કારણ અમાલેકીઓ સામેની જેહાદમાં શમુએલ દ્વારા ઈશ્વરે શાઉલને આપેલી આજ્ઞાઓનો શાઉલે કરેલો અનાદર છે.

એટલે શમુએલે શાઉલને કહ્યું, "પ્રભુને આહુતિઓ અને બલિદાન ગમે છે કે તેની આજ્ઞાનું પાલન ગમે છે? બેશક, બલિ કરતાં તેની આજ્ઞાનું પાલન બહેતર છે અને ઘેટાઓની ચરબી કરતાં તેનું કહ્યું કરવું એ બહેતર છે. તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું જે જંતરમંતર જેવું જ પાપ છે, તુમાખી એ મૂર્તિપૂજા જેટલી જ ખરાબ છે. તે પ્રભુની આજ્ઞાને ફગાવી દીધી. એટલે તેણે તેને રાજા તરીકે ફગાવી દીધો છે."

અહીં શાઉલને રાજા તરીકે અપાત્ર ઠરાવવા માટે  બે કારણો આપ્યાં છે. આ બંને કારણો ઐતિહાસિક બનાવો તરીકે માણસની યાદશક્તિમાં સહેલાઈથી રહી શકે એમ છે. પરંતુ બાઈબલના પંડિતો એક ત્રીજા વધુ ઊંડા કારણનો પણ નિર્દેશ કરે છે. એ છે રાજા તરીકેની પોતાની ધાર્મિક ફરજો સમજવાની અન્ ઈશ્વર પ્રભુના વક્તા શમુએલ સાથે યોગ્ય સંબંધ રાખવાની શાઉલની નિષ્ફળતા.

શમુએલે શાઉલને કહ્યું કે, “પ્રભુએ આજે તારા હાથમાંથી ઈસાયલનું રાજ્ય ઝૂંટવી લીધું છે અને તારા કરતાં વધુ સારા માણસના હાથમાં સોંપ્યું છે. ઈસાયલનો મહિમાવંતો ઈશ્વર કદી છેતરતો નથી કે પોતાનો નિર્ણય બદલતો નથીઃ તે કંઈ માણસ નથી કે નિર્ણય ફેરવે.” પછી શમુએલ રામા ચાલ્યો ગયો અને રાજા શાઉલ પોતાના ઘેર રિબા ચાલ્યો ગયો.

શમુએલે રાજા તરીકે શાઉલને અપાત્ર ઠરાવ્યાથી રાજા કે પ્રજા ઉપર તરત જએની કોઈ અસર થઈ નહિ. શમુએલ નિવૃત્ત થયા અને શાઉલ રાજા તરીકે ચાલુ રહ્યો. ઈસાયલીઓ શાઉલને તરછોડવા તૈયાર નહોતા. શાઉલે પલિસ્તીઓ જેવા દુશ્મનો સામે એમને સફળ આગેવાની આપી હતી. પરંતુ શમુએલે જાહેર કરેલી અપાત્રતાથી શાઉલના જીવનમાં અને રાજ્ય કરવાની એમની શક્તિમાં અનિશ્ચિતતા જોઈ શકાય છે.

પછી શાઉલના રાજયકાળ દરમિયાન જ શમુએલ દાવિદનો રાજા તરીકે અભિષેક કરે છે. એક દિવસ પ્રભુના કહ્યા પ્રમાણે શમુએલે બેથલેહેમ જઈને પ્રભુને બલિ ચડાવવા માટે ઈશાઈને અને તેના દીકરાઓને બોલાવ્યા. તેઓ આવ્યા એટલે એલિયાબને જોઈને શમુએલને વિચાર આવ્યો કે, “જરૂર પ્રભુનો પસંદ કરેલો માણસ મારી સમક્ષ આવ્યો છે.” પણ પ્રભુએ તેને કહ્યું “એનો દેખાવ કે ઊંચું કદ જોઈશ નહિ. કારણ, મને એ પસંદ નથી. પ્રભુની દષ્ટિ અને માણસની દષ્ટિ જુદી હોય થે, માણસો બહારનો દેખાવ જુએ છે. પણ પ્રભુ અંતર જુએ છે.” પછી છેક છેલ્લે ઈશાઈના સૌથી નાના પુત્ર દાવિદને શમુએલ આગળ રજૂ કરવામાં આવ્યા ત્યારે શમુએલે તેલનું શીંગડું લઈને તેને તેના ભાઈઓના દેખતાં અભિષેક કર્યો.

આ પ્રસંગ બાદ રાજા શાઉલે જાણ્યું કે ઈશાઈનો દીકરો દાવિદ કુશળ બજવૈયો છે. વળી તે બહાદુર અને સારો યોદ્ધો છે. બોલવે ચાલવે શાણો અને ફૂટડો છે અને પ્રભુ એની સાથે છે. એટલે શાઉલનો તેના ઉપર ખૂબ ખૂબ પ્રેમ હતો અને તેણે તેને પોતાનો બખ્તર ઉપાડનાર બનાવ્યો. વળી જયારે શાઉસ અપદ્દુતગસ્ત બનતો ત્યારે દાવિદ વીણા લઈને વગાડતો, એટલે શાઉલને આરામ થઈ જતો અને તે સાજો થઈ જતો.

પણ ધીમે ધીમે શાઉલને દાવિદની ઈર્ષા થવા લાગી. એક દિવસ તો દાવિદ રાજા આગળ વીણા વગાડતો હતો ત્યારે શાઉલે પોતાના ભાલાથી દાવિદને ભીંતે જડી દેવાનો પ્રયત્ન કર્યો. પણ દાવિદ બચી ગયો. ત્યાર બાદ શાઉલે દાવિદને મારી નાખવા એનો ઘણો પીછો કર્યો પણ એને સફળતા મળી નહિ.

એ વખતે પલિસ્તીઓ પોતાનું બધું સૈન્ય ભેગું કરીને ઈસાયલીઓ સામે યુદ્ધ ચડયા. યુદ્ધમાં પલિસ્તીઓએ શાઉલનો અને તેના ત્રણ દીકરાઓનો પીછો કર્યો અને ત્રણેને મારી નાખ્યા. શાઉલની આસપાસ ખૂંખાર યુદ્ધ મચ્યું હતું અને કેટલાક બાણાવળીઓએ તેને સખત ઘાયલ કર્યો. આથી દુશ્મનોના હાથામાં આવવાને બદલે શાઉલે પોતે તલવાર લઈને તેના ઉપર પડતું મેલ્યું. શાઉલને મરણ પામેલો જોઈને એનો બખ્તર ઉપાડનાર પણ એ જ રીતે મોતને ભેટયો. યુદ્ધમાં શાઉલ અને તેના દાકરાઓના મૃત્યુ વિશે સાંભળીને યોબેશ-ગિલ્યાદના લોકોએ આખી રાત દડમજલ કરીને શાઉલ અને તેના ત્રણ દીકરાઓનાં શબ પાછાં યોબેશ લાવી ત્યાં તેમને અગ્નિદાહ દીધો. પછી તેમણે તેમના અસ્થિ લઈને શહેરમાંના સરૂના ઝાડ નીચે દાટી દીધાં અને સાત દિવસના ઉપવાસ કર્યા.

ઈસાયલી પ્રજાના ઈતિહાસમાં શાઉલની સિદ્ધિઓ ઘણી નોંધપાત્ર છે. શાઉલે સૌ પ્રથમ વાર જ ઈસાયલીઓને પોતાની આસપાસ રહેતા દુશ્મનોની સુરક્ષા બક્ષી હતી અને શત્રુઓ સામે લડવા માટે એક સૈન્ય સંગઠિત કર્યું હતું. શાઉલે સ્થાપેલા ઈસાયલ રાજ્યમાંથી ઈસાયલના વડીલો દાવિદને રાજા થવા આમંત્રણ આપે છે. આમ, શાઉલના રાજ્યમાંથી જ દાવિદના રાજ્યનો ઉદય થાય છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-12-2006)

(ફરી બદલ્યાની તારીખઃ 16-12-2006)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2006